(૬૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૨૪)**

૧. કઓ **કાઈઓ વાઈઓ માણસિઓ ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો** અકરણિજ્જો

૨. ઉજ્જોયગરે **ધમ્મ તિત્થયરે જિણે અરિહંતે કિત્તઈસ્સં ચઉવીસંપિ કેવલી** ઉસભ

૩. ચઉરિંદિય **પંચિંદિય જીવજાણી પ્રીછી સ્વ સંબંધી શરીર માંહેલા પીડાકારી સ અપરાધી** વિગલેન્દ્રિય

૪. અબંભના **પચ્ચકખાણ મણિસોવનના પચ્ચકખાણ માલા વન્નગ વિલેવણના પચ્ચકખાણ સત્થ મુસલાદિક** સાવજ્જ

૫. જત્તા ભે **જવણિજ્જં ચ ભે ખામેમિ ખમાસમણો દેવસિયં વઈક્કમં** આવસ્સિયાએ

૬. સઈચ્છાએ **કાયાએ જઈને પાંચ આશ્રવ સેવવાના પચ્ચકખાણ** જાવજ્જીવાએ

૭. પાઢિયારૂ **પીઢ ફલગ સિજ્જા સંથારએણં ઓસહ ભેસજ્જેણં પડિલાભેમાણે** વિહરિસ્સામિ

૮. માહુરય વિહિં **જેમણ વિહિં પાણિય વિહિં મુહવાસ વિહિં વાહણ વિહિં ઉવાણહ વિહિં સયણ વિહિં** સચિત્ત

**(આ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો. (૮)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. નિમ્મલયરા | **વિશેષ નિર્મળ** | ૨. સાવજ્જં | **સાવદ્ય (પાપકારી)** |
| ૩. આઈગરાણં | **ધર્મની આદિ કરનારા** | ૪. વય દુપ્પણિહાણે | **સામાયિકમાં વચન માઠું પ્રવર્તાવ્યું હોય** |
| ૫. આણાએ | **વીતરાગદેવની આજ્ઞાનુસાર** | ૬. પડિક્કમિઉં | **પાપથી નિવૃત્ત થવાને** |
| ૭. અપ્પડિહય | **અપ્રતિહત** | ૮. લોગ પઈવાણં | **લોકમાં દીપક સમાન** |

**(ઇ) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો. (૮)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. વચનથી | **વયસા** | ૨. ધર્મનાથ સ્વામીને | **ધમ્મં** |
| ૩. પાળ્યું ન હોય | **ન પાલિયં** | ૪. બીજાને બોધ પમાડનારા | **બોહયાણં** |
| ૫. અન્યત્ર | **અન્નત્થ** | ૬. સ્તુતિ કરાયેલા | **અભિથુઆ** |
| ૭. દુષ્કૃત–પાપ | **દુક્કડં** | ૮. સ્થાનને પામેલા | **ઠાણં સંપત્તાણં** |

**(ઈ) સામાયિકના દોષના આધારે લખો. (૩)**

જવાબ

૧. મનનો ૯ મો – **અવિનય દોષ – દેવ, ગુરુ, ધર્મનો વિનય ન કરે.**

૨. વચનનો ૭ મો – **હાસ્ય દોષ – કોઈની ઠઠા મશ્કરી કરવી, પોતે હસવું, બીજાને હસાવવા.**

૩. કાયાનો ૪ થો – **સાવદ્યક્રિયા દોષ – સામાયિકમાં કોઈપણ પાપકારી કે હિંસાકારી પ્રવૃત્તિ કરે.**

**(ઉ) નીચેનામાં ૩૨ દોષમાંથી કોનો કયો દોષ છે? તે લખો. (૩)**

| | જવાબ |
|---|---|
| ૧. સામાયિકમાં સાધુ કહે એ બધું આપણે ન કરવાનું હોય. | **વચનનો સ્વચ્છંદ દોષ** |
| ૨. સામાયિકમાં તપસ્વીની સેવા ન કરે. | **કાયાનો વૈયાવૃત્ય દોષ** |
| ૩. સામાયિકમાં લોકો મારી વાહ વાહ કરે તેવી ઈચ્છા કરવી. | **મનનો યશોકીર્તિ દોષ** |

**(ઊ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૯)**

૧. કાઉસ્સગ્ગ શા માટે કરવામાં આવે છે? (૨×૩)

**જ. પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે, આત્માને વિશેષ શુદ્ધ કરવા માટે, પાપકર્મોનો નાશ કરવા માટે, શલ્યોથી રહિત થવા માટે.**

૨. મોક્ષની વિશેષતા દર્શાવતા શબ્દ કયા પાઠમાં છે? તે શબ્દ લખો.

**જ. નમોત્થુણં. સિવ, મયલ, મરૂય, મણંત મકખય, મવ્વાબાહ અને મપુણરાવિત્તિ.**

૩. સામાયિકમાં પાપના પગથિયા કયા તે લખીને અતિક્રમ અને અણાચાર એટલે શું?

**જ. સામાયિકમાં પાપના પગથિયા અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર, અનાચાર.**
**અતિક્રમ – લીધેલા વ્રતને તોડવાની ઈચ્છા કરવી. અણાચાર – વ્રતની મર્યાદાને તોડી સર્વથા વ્રત ભંગ કરવો.**

૪. નમોત્થુણંમાં એકેન્દ્રિય અને પંચેન્દ્રિયની ઉપમા બતાવતા શબ્દ કયા છે? (૧×૩)

**જ. એકેન્દ્રિય – પુરિસવર પુંડરિયાણં, પંચેન્દ્રિય – પુરિસ સિંહાણં, પુરિસવર ગંધહત્થીણં**

૫. સામાયિકમાં સાધુને ઘર બતાવવા જઈને આવ્યા પછી શું કરવું જોઈએ?

**જ. ઈરિયાવહિયાનો કાઉસ્સગ્ગ કરવો જોઈએ.**

૬. ભગવાનનું સ્મરણ કરવાથી શું વધે છે?

**જ. ભગવાનનું સ્મરણ કરવાથી જ્ઞાન અને શ્રદ્ધા વધે છે.**

**(એ) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. ....... એટલે કાંટો. જેનાથી ....... થાય. | **શલ્ય, પીડા** |
| ૨. સામાયિકમાં ....... નો ત્યાગ કરવામાં આવે છે. | **સાવદ્યયોગ** |
| ૩. ....... કાયાથી પંચાંગ નમસ્કાર કરવા. | **વંદિય** |
| ૪. અરિહંત ભગવાને ....... ક્ષય કર્યા છે. | **ચાર ઘાતીકર્મ** |

**[૨૦]**

**પ્ર.૨ (અ) સંસ્કાર વિભાગને આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૫)**

૧. અભિગમ એટલે શું? અભિગમ ક્યારે સાચવવાના છે? ત્રીજો અભિગમ લખો. (૩×૩)

**જ. અભિગમ એટલે પૂ. સાધુ–સાધ્વીજી પાસે જતા અથવા રસ્તામાં મળે ત્યારે પાળવા યોગ્ય નિયમો.**
**અભિગમ પૂ. સાધુ–સાધ્વીજી પાસે જાય ત્યારે સાચવવાના છે.**
**અંજલિકરણ – પૂ. સાધુ–સાધ્વીજીના દર્શન થતા બે હાથ જોડી મસ્તક નમાવવું (મત્થએણ વંદામિ કહેવું)**

૨. જ્ઞાનવૃદ્ધિના બોલમાં વિનય, મૌન અને તપનો બોલ કેટલામો છે? તે બોલ લખો.

**જ. ૬) ગુરુનો વિનય કરીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. ૪) મૌન રાખીને અભ્યાસ કરવાથી જ્ઞાન વધે છે. ૧૧) કપટ રહિત તપ કરવાથી જ્ઞાન વધે છે.**

૩. સામાયિક, વ્રતો, ત્યાગ, સહન કરવામાં કોના જેવું બનવાનું છે? મહાન થઈને શું કરવાનું છે?

**જ. સામાયિકમાં પુણિયા શ્રાવક જેવા, વ્રતોમાં આનંદ શ્રાવક જેવા, ત્યાગમાં શાલિભદ્ર જેવા, સહન કરવામાં મહાવીર સ્વામી જેવા બનવાનું છે. મહાન થઈને આત્મ ઉદ્ધાર કરવાનો છે અને જગતનું કલ્યાણ કરવાનું છે.**

૪. આત્મા શેના દ્વારા દેખાતો નથી? આત્માને કોણ જોઈ શકે છે? (૧×૬)

**જ. આત્મા આંખ દ્વારા દેખાતો નથી. આત્માને અરિહંતા અને સિદ્ધ ભગવાન જોઈ શકે છે.**

૫. હું કોના માટે પાપ કરું છું?

**જ. હું માતા, પિતા, શરીર અને ધન માટે પાપ કરું છું.**

૬. જે પોતે દુઃખી અને અશાંત હોય તે શું ન કરી શકે?

**જ. જે પોતે દુઃખી હોય તે બીજાને દુઃખથી બચાવી ન શકે. જે પોતે અશાંત હોય તે બીજાને શાંતિ ન આપી શકે.**

૭. સુખ–દુઃખમાં શું ન કરવું?

**જ. સુખથી ફૂલી ન જવું. દુઃખથી ડરી ન જવું.**

૮. ઉપાશ્રયમાં શા માટે જવાનું છે?

**જ. કર્મબંધનને તોડવાનો ઉપદેશ સાંભળવા જવાનું છે.**

૯. શેની પ્રાપ્તિ માટે જ્ઞાનવૃદ્ધિના બોલનું ધ્યાન રાખવાનું છે?

**જ. સમ્યક્જ્ઞાનની પ્રાપ્તિ અને વૃદ્ધિ માટે જ્ઞાનવૃદ્ધિના બોલનું ધ્યાન રાખવાનું છે.**

**(આ) નીચેના વાક્યો સાચા છે કે ખોટા? ખોટા હોય તે સુધારીને લખો.** **(૫)**

| | **જવાબ** |
|---|---|
| ૧. ઉત્તરાસંગ એ બીજો અભિગમ છે. | **ખોટું, ઉત્તરાસંગ એ ચોથો અભિગમ છે.** |
| ૨. સાધુ સાચું શરણ આપે છે. | **સાચું.** |
| ૩. સેવા માટે ગૌતમને યાદ કરશું. | **ખોટું, સેવા માટે નંદીષેણ મુનિણે યાદ કરશું.** |
| ૪. ક્ષણિક વસ્તુઓ પર મમત્વ કરવું જોઈએ. | **ખોટું, ક્ષણિક વસ્તુઓ પર મમત્વ ન કરવું જોઈએ.** |
| ૫. આત્માને મોક્ષમાં રૂપી કહેવાય છે. | **ખોટું, આત્માને મોક્ષમાં અરૂપી અને અમર કહેવાય છે.** |

**(૧૦)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. મૂળા શેઠાણીએ ચંદનબાળાને શું દુ:ખ આપ્યા?

**જ. ધનાવહ શેઠ બહારગામ ગયા પછી મૂળા શેઠાણીએ ચંદનબાળા બોલાવીને કડવા વચનો કહ્યા. તેના માથાના વાળ મૂંડાવી નાખ્યા, પગમાં બેડી નાખી અને ઘરના ભોંયરામાં ગુપ્ત રીતે પૂરીને તાળું દઈ દીધું.**

૨. મેઘમાળીને પાર્શ્વનાથ ભગવાનને ઉપસર્ગ આપતા જોઈ ધરણેન્દ્ર દેવે શું કહ્યું?

**જ. અરે ! ઓ દુષ્ટ તું આ શું કરે છે? આ ત્રણે લોકના નાથને કષ્ટ આપીને શા માટે તું પાપ કર્મોથી ભારે બની બની રહ્યો છે? તું તારી માયા જલદી સંકેલી લે.**

૩. મુનિએ બાળકને કોની, કેવી રીતે સેવા કરવાનું કહ્યું?

**જ. આ જગતમાં કેટલાય દુ:ખી જીવો છે તેમની પ્રેમથી સેવા કર, સેવા કરવામાં તારું દુ:ખ ભૂલાઈ જશે. સેવા સંસારમાં રહીને પણ કરી શકાય અને સાચી છકાય જીવોની દયારૂપ આત્માની સેવા સાધુ થઈને પણ કરી શકાય.**

**(આ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | **જવાબ** |
|---|---|
| ૧. અરે મૂર્ખ ! હું જરાપણ હરી–ફરી શક્તો નથી. | **બિમાર સાધુ નંદીષેણ મુનિને કહે છે.** |
| ૨. આ તપશ્ચર્યા સાચી તપશ્ચર્યા નથી. | **પાર્શ્વનાથ ભગવાને તાપસને કહે છે.** |
| ૩. આંગણે આવેલા સંત પાછા જાય. | **ચંદનબાળા મનમાં વિચારે છે.** |
| ૪. તમારી સેવા ખરેખર અદ્ભૂત અને અનન્ય છે. | **દેવો નંદીષેણ મુનિને કહે છે.** |

**(૧૦)**

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.**

| | |
|---|---|
| ૧. મારા તનને ........ પ્રાણ છે. | **પાના નં. ૫૯ કડી ૧/૨** |
| ૨. દુ:ખ ......... ખાળવાના. | **પાના નં. ૬૦ કડી ૧.** |
| ૩. મા–બાપ ......... છોડાવું છું. | **પાના નં. ૫૯ કડી ૪.** |
| ૪. પંચ ......... અપાર. | **પાના નં. ૬૦ કડી ૧.** |

**જય – જિનેન્દ્ર**